GJJN030001912026

દાખલ તારીખ : ૨૨/૦૫/૨૦૨૬
રજી.તારીખ : ૨૨/૦૫/૨૦૨૬
ફેસલ તારીખ : ૨૭/૦૮/૨૦૨૬
અવધિ : ૦૦ વર્ષ ૦૩ માસ ૦૪ દિવસ
આંક–

**નમુનો – અ**

सत्यमेव जयते

## મહે. મેંદરડાના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.શ્રીની કોર્ટ, મુ. મેંદરડા,

**ચુકાદાની તારીખ ૨૭/૦૮/૨૦૨૬**
**ફોજદારી કેસ નં. ૧૦૨/૨૦૨૬**

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | બી.એન.એસ. કલમ – ૧૧૮(૧), ૨૯૬(બી),૩૫૧(૩) તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ મુજબ |
| પ્રથમ માહીતી અહેવાલ નં. | ૧૧૨૦૩૦૩૯૨૬૦૦૨૩/૨૬ |
| પોલીસ સ્ટેશન | મેંદરડા પોલીસ સ્ટેશન |
| ફરીયાદ પક્ષ | શ્રી સરકાર |
| ફરીયાદ પક્ષ તરફે વિ.વ. શ્રી | વિ. એ.પી.પી. શ્રી કે.બી. ટાંક |
| આરોપી પક્ષ | રાજુ ઉર્ફે રાજેશભાઇ કાનાભાઇ બાબરીયા<br>ઉ.વ. ૫૫, ધંધો – ખેતી,<br>રહે. આંબલા, તા. મેંદરડા, જી. જુનાગઢ, |
| આરોપી તરફે વિ.વ.શ્રી | પી.પી. ગજેરા |

**–:નમુનો–બ:–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૪/૦૨/૨૦૨૬ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૨૫/૦૨/૨૦૨૬ |
| ચાર્જશીટની તારીખ | ૨૨/૦૫/૨૦૨૬ |

| | |
|---|---|
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૨૨/૦૫/૨૦૨૬ |
| પુરાવો શરુ થયાની તારીખ | ૦૯/૦૭/૨૦૨૬ |
| ચુકાદો મુલત્વી રાખ્યાની તારીખ | ૨૦/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૭/૦૮/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | |

## –:આરોપીની વિગત:–

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ શું નિર્દોષ/ દોષ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ/ દોષ | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાતનો સમયગાળો ફોજદારી કાર્યરીતિ સંહીતાની કલમ – ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રાજુ ઉર્ફે રાજેશભાઇ કાનાભાઇ બાબરીયા | ૨૫/૦૩/૨૬ ના રોજ નોટીશ આપેલ છે. | – | બી.એન.એસ. કલમ – ૧૧૮(૧), ૨૯૬(બી), ૩૫૧(૩) તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ મુજબ | નિર્દોષ | -- | -- |

## –:નમુનો–ક :–
## –: સાહેદોનું લીસ્ટ :–
### અ. ફરીયાદ પક્ષ તરફે સાહેદો :–

| ક્રમ | આંક | નામ |
|---|---|---|
| પી.૧ | ૧૦ | ફરીયાદી હીતેશભાઇ દેવજીભાઇ દલસાણીયાની જુબાની |

## –: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :–
**અ.ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ દસ્તાવેજો**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ડી.૧ | ૧૧ | અસલ ફરીયાદ |
| ડી.૨ | ૧૨ | અટક પંચનામું |
| ડી.૩ | ૧૩ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ડી.૪ | ૧૪ | મેડીકલ સર્ટીફીકેટ |
| ડી.૫ | ૧૫ | જાહેરનામું |
| ડી.૬ | ૧૬ | કલોઝીંગ પુરસીસ |

## –: ચુકાદો :–

**(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંક હકીકત :–** આ કામના ફરીયાદીએ આરોપીના ભાઇ સાથે જમીન અરસ પરસ કરેલ હોય જે બાબતનું મનદુ:ખ રાખી આ કામના આરોપીએ ગઇ તા. ૨૪/૦૨/૨૦૨૬ ના કલાક ૧૯/૦૦ વાગ્યાના અરસામાં આંબલા ગામે અનીલભાઈની દુકાન સામે આંગણવાડીની દિવાલ પાસે ફરીયાદીને તેની પાસે બોલાવતા ફરીયાદીને જમીન અરસ પરસ કરેલ તે બાબતે ઉશ્કેરાઇ જઇ જાહેરમાં ભુંડી ગાળો આપી, માથાના ભાગે લાકડીથી માર મારી, જાનથી મારી નાંખવાની ધમકી આપી મહે. જીલ્લા મેજી. સા. ના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ છે.

**(૨) ફરીયાદ અનુસંધાને પોલીસ કાર્યવાહી :–** ફરીયાદીની ફરીયાદ અનુસંધાને આરોપી વિરુધ્ધ મેંદરડા પોલીસ સ્ટેશન ધ્વારા ગુના રજી. નં. ૧૧૨૦૩૦૩૯૨૬૦૦૨૩/૨૬ થી બી.એન.એસ. કલમ – ૧૧૮(૧), ૨૯૬(બી), ૩૫૧(૩) તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો ગુનો નોંધી અન્વેષણ કરવામાં આવેલ. પોતાના અન્વેષણ દરમ્યાન તપાસનીશ અધિકારી ધ્વારા સાહેદોના નિવેદનો નોંધી, જરુરી પંચનામા કરી, આરોપી વિરુધ્ધ કાનુની કાર્યવાહી કરવા પુરતો પુરાવો જણાતા, આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરેલ.

**(૩) ગુનાનું સંજ્ઞાન અને તહોમતનામું :–** આરોપી વિરુધ્ધ કરવામાં આવેલ ચાર્જશીટ આધારે આરોપીને કોર્ટમાં હાજર રહેવા માટે પ્રોસેસ ઇસ્યુ કરવામાં આવેલ. જે પ્રોસેસ આરોપીને બજી જતા આરોપી કોર્ટ સમક્ષ ઉપિસ્થત થયેલ. આરોપી કોર્ટ સમક્ષ્ ઉપિસ્થત થતા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ – ૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપીને વિચારવાનો પુરતો સમય આપ્યા બાદ આરોપી સામે આંક – ૦૫ થી તહોમતનામું ફરમાવી તેઓની પ્લી આ કામે આંક – ૦૬ થી રેકર્ડ કરવામાં આવેલ છે જેમાં તેઓને ગુનો કબુલ છે કે કેસ આગળ

ચલાવવા માંગે છે તેમ પુછતા આરોપીએ ગુનો કબુલેલ નહી અને પોતાની વિરુધ્ધનો કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું જણાવેલ.

(૪) **પ્રોસીકયુશનનો પુરાવો :–** ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નમુના 'ક' મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરેલ.

(૫) **આરોપીનું વિશેષ નિવેદન :–** ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કર્યા બાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ – ૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) **દલીલો :–** ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એપીપીશ્રીની મૌખિક રજુઆતો ધ્યાને લીધી તથા બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા તેઓની મૌખિક દલીલો કરેલ છે, જે ધ્યાને લીધી.

(૭) ત્યારબાદ કોર્ટ સમક્ષનો ફરીયાદ પક્ષનો કેસ ધ્યાને લઇ નીચે મુજબના મુદ્દા અત્રેની કોર્ટના ન્યાયીક નિર્ણય માટે ઉપસ્થિત થયેલા.

| | **–: મુદ્દા :–** |
|---|---|
| ૧ | શું ફરીયાદ પક્ષ વાજબી શંકા રહીત પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીએ આરોપીના ભાઇ સાથે જમીન અરસ પરસ કરેલ હોય જે બાબતનું મનદુ:ખ રાખી આ કામના આરોપીએ ગઇ તા. ૨૪/૦૨/૨૦૨૬ ના કલાક ૧૯/૦૦ વાગ્યાના અરસામાં આંબલા ગામે અનીલભાઇની દુકાન સામે આંગણવાડીની દિવાલ પાસે ફરીયાદીને તેની પાસે બોલાવતા ફરીયાદીને જમીન અરસ પરસ કરેલ તે બાબતે ઉશ્કેરાઇ જઇ જાહેરમાં ભુંડી ગાળો આપી, માથાના ભાગે લાકડીથી માર મારી, જાનથી મારી નાંખવાની ધમકી આપી મહે. જીલ્લા મેજી. સા. ના જાહેરનામાનો ભંગ કરી બી.એન.એસ. કલમ – ૧૧૮(૧), ૨૯૬(બી), ૩૫૧(૩) તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |

| | |
|---|---|
| ૨ | શું હુકમ ? |

**(૮) મુદ્દાઓના નિર્ણય**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**(૯) નિર્ણય માટેના કારણો :–**

**મુદ્દા નં. ૧ :–**

(૯.૧) ફરીયાદ પક્ષે રજુ પુરાવાનું મુલ્યાંકન કરતા અગાઉ ફરીયાદ પક્ષે રજુ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદ પક્ષે આંક – ૧૦ થી ફરીયાદી હીતેશભાઇ દેવજીભાઇ દલસાણીયા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, બનાવ આશરે સાતેક માસ પહેલા સાંજના સાત વાગ્યાની આસપાસ બનેલો, બનાવના દિવસે તેઓ તેઓની ભાગીયુ રાખેલ ખેતીની જમીનમાં જવા માટે તેઓનું ટ્રેકટર લઇને નીકળેલ અને આંબલા ગામમાં અનીલભાઇની દુકાને ટ્રેકટર ઉભુ રાખી દુધ લેવા માટે ગયેલ ત્યારે આ કામના આરોપી રાજુભાઇ કાનાભાઇ બાબરીયા ત્યાં ઉભેલા હતા અને તેઓએ તેમની પાસે બોલાવેલા અને તેઓએ તેઓની જમીનની અરસપરસ કરેલ તે બાબતે તેઓની સાથે સામાન્ય બોલાચાલી કરેલી, અને બોલાચાલીને લીધે આજુબાજુમાંથી ધણા લોકો ભેગા થઇ જતા ધકકા મુકકીમાં પડી જવાથી તેઓને માથાના ભાગે ઇજા થતા કેશોદ સરકારી દવાખાને સારવાર કરાવેલી, બનાવ બાબતે તેઓએ ફરીયાદ આપેલી જે આંક – ૧૧ થી રજુ થયેલ છે.

સદર ફરીયાદી તેમની ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એપીપીશ્રી ધ્વારા તેમને ફરી ગયેલ સાહેદ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી. સદર ફરીયાદી બચાવ પક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ગત તા. ૨૪/૦૨/૨૦૨૬ ના રોજ તેઓ આંબલાની

બજારમાં નીકળેલ ત્યારે અનીલભાઇ ગોબરભાઈની દુકાન પાસે ટ્રેકટર ઉભુ રાખીને દુધ લેવા ગયેલ ત્યારે આરોપી સામે મળતા જમીન બાબતે સામાન્ય બોલાચાલી થયેલી એ દરમ્યાન માણસો એકત્રીસ થઇ જતા ધકકા મુકકી થતા તેઓ પડી જતા તેઓને કહેવાતી ઈજાઓ થયેલી, વધુમાં સ્વીકારેલ છે કે, આરોપીએ તેઓને કોઇ ભુંડી ગાળો આપેલ હોય કે મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. આરોપી પાસે કોઈ હથિયાર ન હતુ. પોલીસે માત્ર તેઓનું નામઠામ પુછેલ અને જાતે ફરીયાદ લખી લીધેલ. ફરીયાદ તેઓએ વાંચેલ નહી કે તેઓને કોઇએ વાંચી સંભળાવેલ નહી.

**પુરાવાનું મુલ્યાંકન :–**

**(૧૦)** આમ ફરીયાદ પક્ષનો ઉપરોકત રજુ થયેલ સંપુર્ણ પુરાવો વંચાણે લેવામાં આવે તો, સદર કામે બનાવના મહત્વના સાહેદ ફરીયાદીએ આંક – ૧૦ થી રજુ થયેલ તેમના સોગંદ ઉપરના પુરાવામાં ફરીયાદ હકીકતને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ નથી અને ફરી ગયેલ સાહેદ જાહેર થયેલ છે, વધુમાં આરોપી અને તેઓને જમીન બાબતે સામાન્ય બોલાચાલી થયેલી એ દરમ્યાન માણસો એકત્રીત થઇ જતા ધકકા મુકકી થતા તેઓ પડી જતા તેઓને કહેવાતી ઈજાઓ થયેલી, વધુમાં આરોપીએ તેઓને કોઇ ભુંડી ગાળો આપેલ હોય કે મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. આરોપી પાસે કોઇ હથિયાર ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે, જેથી સદર કામે રજુ થયેલ પુરાવાથી આ કામના આરોપી ધ્વારા આક્ષેપીત ગુનો કરેલ હોય તેવી હકીકત નિ:શંકપણે સાબીત કરતો કોઇ પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરેલ નથી. વધુમાં સદર કામે આંક – ૧૨ થી અટક પંચનામું અને આંક – ૧૩ થી બનાવવાળી જગ્યાનું પંચનામું પરંતુ સદર પંચનામાના પંચ સાહેદોને ફરીયાદ પક્ષે તપાસેલ નથી. જેથી સદર પંચનામાની હકીકત પુરવાર માની શકાય તેમ નથી. વળી આ કામના મુખ્ય અસરકર્તા સાહેદ ફરીયાદી તેમની જુબાનીમાં ફરીયાદ મુજબના બનાવની હકીકતને સમર્થન આપતા ન હોય પંચનામાની હકીકત માની લેવામાં

આવે તો પણ હાલનો ગુનો હાલના આરોપીઓએ નીપજાવેલ હોય તેમ માની શકાય તેમ નથી. તે ઉપરાંત આ કામે આંક – ૧૪ થી સારવારનું પ્રમાણપત્ર રજુ થયેલ છે, પરંતુ તેના તબીબને આ કામે તપાસવામાં આવેલ નથી. વળી આ કામના અસરકર્તા સાહેદ ફરીયાદી પોતાની આખી જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસ મુજબ આરોપી ધ્વારા તેમને ઈજા પહોંચાડેલ હોવાની કોઇ હકીકત પોતાની કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવતા નથી. આમ, રજુ રેકર્ડને આધારે ફરીયાદીને તેમાં જણાવ્યા મુજબની ઈજા થયેલ હોવાનું માની લેવામાં આવે તો પણ તે ઈજા હાલના આરોપીઓએ પહોંચાડેલ હોય તેવુ ફરીયાદીની જુબાની પરથી પુરવાર થતુ નથી. આ ઉપરાંત આરોપીઓ વિરુધ્ધ જી.પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો પણ આરોપ છે પરંતુ ફરીયાદ પક્ષ ધ્વારા જી.પી. એકટની કલમ – ૧૩૫ મુજબનું જાહેરનામું યોગ્ય રીતે પ્રસિધ્ધ થયેલ હોય તે બાબતનો કોઇ પુરાવો આ કામે રજુ રાખેલ નથી તેમજ ફરીયાદી પણ પોતાની જુબાનીમાં તેઓને મુદ્દામાલ પાવતીમાં જણાવેલ આર્ટીકલ ધ્વારા માર મારવામાં આવેલ હોય તેવુ પણ જણાવતા ન હોય આરોપીઓ વિરુધ્ધ જી.પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો ગુનો ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી.

આમ ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓથી આ કામના ફરીયાદીએ આરોપીના ભાઇ સાથે જમીન અરસ પરસ કરેલ હોય જે બાબતનું મનદુ:ખ રાખી આ કામના આરોપીએ ગઇ તા. ૨૪/૦૨/૨૦૨૬ ના કલાક ૧૯/૦૦ વાગ્યાના અરસામાં આંબલા ગામે અનીલભાઇની દુકાન સામે આંગણવાડીની દિવાલ પાસે ફરીયાદીને તેની પાસે બોલાવતા ફરીયાદીને જમીન અરસ પરસ કરેલ તે બાબતે ઉશ્કેરાઇ જઇ જાહેરમાં ભુંડી ગાળો આપી, માથાના ભાગે લાકડીથી માર મારી, જાનથી મારી નાંખવાની ધમકી આપી મહે. જીલ્લા મેજી. સા. ના જાહેરનામાનો ભંગ કરી બી.એન.એસ. કલમ – ૧૧૮(૧), ૨૯૬(બી), ૩૫૧(૩) તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત ફરિયાદ પક્ષ શંકા રહીત સાબિત કરવામાં

નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

**(એ)** આ કામના આરોપી રાજુ ઉર્ફે રાજેશભાઈ કાનાભાઈ બાબરીયા રહે. આંબલા, તા. મેંદરડા, જી. જુનાગઢનાઓને તેઓ વિરુધ્ધ આક્ષેપીત બી.એન.એસ. કલમ – ૧૧૮(૧), ૨૯૬(બી), ૩૫૧(૩) તથા જી.પી. એકટની કલમ – ૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનાના આરોપમાંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ – ૨૭૧(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(બી)** આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ – ૪૮૧ અન્વયે અપીલ સમય સુધીના રુા. ૧૦,૦૦૦/– (અંકે રુપિયા દસ હજાર પુરા) ના જામીન આપવા.

**(સી)** આ કામે કબજે કરેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૭મી, માહે – ઓગષ્ટ, સને – ૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૨૭/૦૮/૨૦૨૬
મેંદરડા

(જે.બી. પુરોહીત)
જયુડી. મેજીસ્ટ્રેટ,ફ.ક.
મેંદરડા
**જી.જે.૦૧૧૮૫**